# બી.એડ. પ્રવેશ નોટીસ
# ત્રીજો પ્રયત્ન

## મેરીટ યાદી તથા પ્રવેશ કાર્યવાહીની તારીખો

શૈક્ષણિક વર્ષ ૨૦૨૩ – ૨૫ માટે કચ્છ યુનિવર્સિટી સંલગ્ન તમામ B.Ed. કોલેજોમાં ST કેટેગરીની તમામ વિષયોની જુજ સીટો ખાલી હોવાથી, જેમણે પ્રથમ અને બીજા રાઉન્ડ માટે પ્રવેશ ફોર્મ ભરેલ ન હોય તેવા એસ.ટી. કેટેગરીના વિદ્યાર્થીઓએ **તા.૨૪/૦૭/૨૦૨૩ થી તા.૨૬/૦૭/૨૦૨૩** સુધીમાં કાર્યાલય સમય (૧૧ થી ૨ અને ૩ થી ૪ )દરમિયાન કચ્છ યુનિવર્સિટી એકેડમિક વિભાગ (રૂમ નં. ૧૧૪) માંથી ઓફલાઈન પ્રવેશફોર્મ મેળવી ભરવાના રહેશે. જે વિદ્યાર્થીઓએ પ્રથમ રાઉન્ડ સમયે ઓનલાઈન ફોર્મ ભરેલ હોય પરંતુ અત્રે જમા કરાવેલ ન હોય તેવા એસ.ટી. કેટેગરીના વિદ્યાર્થીઓ પણ પ્રવેશ ફોર્મ અત્રે જમા કરાવી શકશે. પરંતુ તેમને ત્રીજા મેરીટમાં સમાવવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.જે તે સમયે જો એસ.ટી. કેટેગરીના વિદ્યાર્થીઓથી ખાલી સીટ નહી ભરાય તો તે એસ.સી. કેટેગરીમાં તે જ દિવસે તબ્દીલ કરવામાં આવશે અને ત્યારબાદ પણ જો અનામત કેટેગરીની સીટો ખાલી રહી જશે તો તે જ દિવસે તમામ ખાલી રહી જવા પામેલ સીટો જનરલ કેટેગરીમાં તબ્દીલ કરવામાં આવશે. તમામ એ તમામ કોલેજોમાં માત્ર જૂજ સીટો જ ખાલી હોવાથી પ્રવેશ સમયે બોલાવવામાં આવનાર તમામ વિદ્યાર્થીઓને પ્રવેશ મળશે જ તે જરૂરી નથી. ખાલી સીટ કરતા અમુક ઘણા વધારે વિદ્યાર્થીઓને પ્રવેશ માટે બોલાવવામાં આવેલ છે જેથી પ્રવેશ મળવાની માત્ર સંભાવના છે તમામે તમામને પ્રવેશ મળશે તેવું જરૂરી નથી. પ્રવેશ કાર્યવાહી સંપૂર્ણ મેરીટના આધારે કરવામાં આવશે. **પ્રવેશ ઈચ્છુક તમામ કેટેગરીના વિદ્યાર્થીઓ હાજર રહી શકશે અને તેઓને ઉપલબ્ધ બેઠકો હશે તો જ પ્રવેશ મળી શકશે.** બી.એડ્.નુ ફોર્મ ભરવા માટે સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ ઓછામાં ઓછાં ૫૦% (SC/ST/SEBC કક્ષાના ઉમેદવારો માટે માટે ૪૫%)હોવા જરૂરી છે.

કચ્છ યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૨૩ – ૨૫ માં B.ED. ના ફોર્મ ભરનાર પ્રવેશ ઈચ્છુક તમામ વિદ્યાર્થીઓએ નીચે દર્શાવેલ તારીખ મુજબ નિયત સમય અને સ્થળ પર હાજર રહેવું.

| ક્રમ | અભ્યાસક્રમ | ફાઈનલ મેરિટ યાદી બહાર પાડવાની તારીખ | પ્રવેશ કાર્યવાહીની તારીખ , સમય , સ્થળ |
|---|---|---|---|
| ૧ | બી.એડ્. (સેલ્ફ ફાયનાન્સ/ ગ્રાન્ટ ઈન એઈડ / સરકારી ) | ૨૭/૦૭/૨૦૨૩ | તા. ૨૮/૦૭/૨૦૨૩<br>સવારે ૧૦:૦૦ કલાકે<br>કચ્છ યુનિવર્સિટી, બ્લોક : ઈ ખાતે |

ઉપરોકત તારીખે જે તે વિષય માં ફોર્મ ભરનાર તમામ વિદ્યાર્થીઓએ ઉપરોકત વિગતે દર્શાવેલ પ્રથમ સત્રની ફી ની રકમ રોકડમાં જમા કરાવવાની રહેશ. પ્રવેશ સમયે તમામ અસલ માર્કશીટો તથા પ્રમાણપત્રો સાથે યુનિવર્સિટી કાર્યાલયમાં વિદ્યાર્થીએ જાતે જ હાજર રહેવું. જે વિદ્યાર્થી આ તારીખે અને સમયે હાજર નહી રહે તે વિદ્યાર્થીને પ્રવેશ લેવો નથી તેમ સમજવામાં આવશે. કોલેજોની યાદી નીચે મુજબ છે.

| ક્રમ | કોલેજનું નામ | કોલેજનું પ્રકાર | ફી ની વિગત |
|---|---|---|---|
| ૧ | શ્રી એસ.ડી. શેઠિયા કોલેજ ઓફ એજયુકેશન, મુન્દ્રા | ગ્રાન્ટ ઈન એઈડ | રૂ.૨૨૬૦/– ભાઈઓ<br>રૂ. ૧૦૧૦/– બહેનો માટે |
| ૨ | જીલ્લા શિક્ષણ તાલીમ ભવન,ભુજ | સરકારી | રૂ.૨૨૬૦/– ભાઈઓ<br>રૂ. ૧૦૧૦/– બહેનો માટે |
| ૩. | દાદા દુખાયલ બી.એડ કોલેજ,આદિપુર | સેલ્ફ ફાયનાન્સ | રૂ. ૧૫,૦૦૦/– |
| ૪. | ડૉ.એચ.આર.ગજવાણી કોલેજ ઓફ એજયુકેશન ,ગાંધીધામ | સેલ્ફ ફાયનાન્સ | રૂ. ૧૫,૦૦૦/– |
| ૫. | એમ.ડી.કોલેજ ઓફ એજયુકેશન, હરીપર,તા.ભુજ | સેલ્ફ ફાયનાન્સ | રૂ. ૧૫,૦૦૦/– |
| ૬ | શ્રીમતિ વી.ડી.ઠક્કર કોલેજ ઓફ એજયુકેશન, ગાંધીધામ. | સેલ્ફ ફાયનાન્સ | રૂ. ૧૫,૦૦૦/– |

| | | | |
|---|---|---|---|
| ૭ | મા આશાપુરા કોલેજ ઓફ એજ્યુકેશન, ભુજ | સેલ્ફ ફાયનાન્સ | રૂા. ૧૫,૦૦૦/– |

**સુચનાઓ:–**

(૧) પ્રવેશ માટે આવનારા ઉમેદવારોને પ્રવેશ મળવાની માત્ર સંભાવના છે. પ્રવેશ મળશે જ એમ માનવું નહિં કારણ કે કુલ બેઠકો કરતા કેટલાક ગણા વધુ ઉમેદવારોને બોલાવામાં આવેલ છે. એટલે પ્રવેશ ન મળે તો તે અંગે કોઈ મૌખિક / લેખિત ફરિયાદ સાંભળવામાં આવશે નહિ.

(૨) પ્રવેશ મળ્યા બાદ પ્રવેશ કોઈપણ સંજોગોમાં રદ થઈ શકશે નહી. તેમજ અન્યત્ર તબદીલ પણ થઈ શકશે નહી, તેથી સંસ્થા અંગે ખુબ વિચારીને ઉપલબ્ધ જગ્યાઓના આધારે અંતિમ નિર્ણય લેવો.

(૩) પ્રવેશ સમયે ધોરણ – ૧૨ થી અનુસ્નાતક કક્ષા સુધીના તમામ મુળ ગુણ પત્રકો, મુળ શાળા છોડયાનું પ્રમાણપત્ર તથા પછાત વર્ગના હોવાનાં મુળ પ્રમાણપત્રો ફરજિયાત લાવવાના રહેશે. અન્યથા પ્રવેશ મળશે નહિ.

(૪) SEBC ના ઉમેદવારોને પ્રવેશ સમયે ક્રિમીલેયર ( ઉન્નતવર્ગ) માં નથી આવતા તે મતલબનું તા.૧/૪/૨૦૨૧ પછીનું અધતન પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. અન્યથા તેમનો પ્રવેશ રદ થવાને પાત્ર રહેશે. તેની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહિ.

(૫) પ્રવેશ મેળવવા માટે ઉમેદવારોએ સમયસર સ્વખર્ચે અચુક હાજર રહેવું અને સાથે પોતાનું ઓળખકાર્ડ અચુક રાખવું. પ્રવેશ કાર્યવાહી વેળા ઉપસ્થિત ન હોય તેવા કોઈ પ્રવેશાર્થીની પ્રવેશ સબંધી કોઈ રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહિ.

(૬) અનામત કેટેગરીના વિદ્યાર્થી કે જે જનરલ કેટેગરીમાં દર્શાવેલ મેરીટ કરતા વધુ મેરીટ ધરાવતા હોય તો તેઓએ પણ અવશ્ય હાજર રહેવું.

(૭) વિદ્યાર્થીએ પ્રવેશ મેળવવા ઉપરોક્ત વિગતે દર્શાવેલ પ્રથમ સત્રની ફી રોકડમાં જમા કરાવવાની રહેશે, જે વિદ્યાર્થીઓ ફી જમા નહિ કરાવે તેમને એડમિશન મળશે નહી.

કુલસચિવ
કચ્છ યુનિવર્સિટી,ભુજ